૧૦૯
૮

ણામૂર્તિ બાલસાહિત્યમાળા

ંપાદનઃ ગિજુભાઈ • તારાબેન

# ઓતરાતી દીવાલો-૨

1600047



સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ઓતરાતી દીવાલો-૨

[ સંક્ષિપ્ત ]

મૂળ લેખક

કાકાસાહેબ

શારદામંદિર
અમદાવાદ-૭
૧૩૪

: પ્રકાશક :

**આર. આર. શેઠની કંપની**

મુંબઈ-૨ ○ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
▽
પુસ્તક ૬૨ મું

મુદ્રણ સાતમું : ફેબ્રુઆરી ૧૯૬૬

મૂલ્ય : પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# ઓતરાતી દીવાલો-૨

(સં · ક્ષિ · પ્ત)

: ૫ :

રવિવારનો દિવસ હતો. પોલીસોને જલદી ઘેર જવું હતું એટલે અરજી કરી તેમણે અમને પાંચ વાગે જ કોટડીમાં પૂરી દીધા હતા હું 'નાથ ભાગવત'નો એક અધ્યાય પૂરો કરી ઓરડીમાં નિરાંતે બેઠો હતો. પોલીસો તેમ જ મુકાદમો તાળાં બરાબર છે કે નહિ તે તપાસી બીડી પીવા ક્યાંઈક ખૂણે ભરાયા હતા. એટલામાં એક મોટો ઘોઘર બિલાડો ધરાઈને ખાધા પછી મૂછ ચાટતો ચાટતો અને હાથીની પેઠે ડોલતો ડોલતો આવી મારા બારણા પાસે અટક્યો અને ધ્યાનપૂર્વક મને નિહાળતો

ઊભો. તેણે માથું ઊંચું કર્યું, નીચું કર્યું, બારણાના એક છેડા તરફથી જોયું ને 'ગુર્રર્ર્ર' 'મ્યાંઉં' કરીને પોતાનો સંતોષ જાહેર કર્યો! નાનપણથી અનેક અજાયબઘરો (મ્યૂઝિયમો) હું જોતો આવ્યો છું. પાંજરાંની માંહે પશુપક્ષીઓ ને વાઘબિલાડીઓ પૂરેલાં મેં બહારથી જોયાં છે, તપાસ્યાં છે, તેમનું વર્ણન બહારની તકતી પર વાંચી સંતોષ જાહેર કર્યો છે; પણ કોઈ કાળે મેં એમ સ્વપ્ને ય ધારેલું નહિ કે હું જ બંધબારણે પુરાયો હોઈશ ને એક નફ્ટ બિલાડી બહારથી મને જોઈ તપાસી પોતાનો સંતોષ જાહેર કરશે! બિલાડીઓનું કોમી છાપું ચાલતું હોત તો પેલો ઘોઘર આ પ્રસંગ પર જરૂર એક લાંબો લેખ લખત.

: ૬ :

વરસાદના દિવસ આવી પહોંચ્યા. રાહ જોઈ જોઈને થાકેલાં ને લગભગ નિરાશ થયેલાં પ્રાણીઓને આનંદ થયો. જમીન મહેકવા લાગી. વચમાં કાળાં અને સોનેરી કિનારાવાળાં સંધ્યાસમયનાં વાદળાંઓ વધારે પ્રિય દેખાવા લાગ્યાં.

કોઈ વખત અમદાવાદની દિશામાં તો કોઈ વખત વીરમગામની દિશામાં વરસાદ ઊતરતો દેખાવા લાગ્યો. પહેલે દિવસે સાંજે અમે ભેગા બેસીને પ્રાર્થના કરી અને મેઘની પેઠે આર્દ્ર હૃદયે આ કૃપા માટે પરમાત્માનું ગાયન કર્યું. સુકાયેલી જમીનમાંથી ઘાસ ઊગી નીકળ્યું. પણ પોતાના કાન ને પૂંછડીઓ હલાવતાં હલાવતાં આ કૂણા ઘાસ પર ઉજાણી કરનાર વાછરડાં કે ઘેટાંબકરાંનાં બચ્ચાં અહીં હતાં નહિ. ભૂમિદેવીનું માતૃહૃદય સફળ થયું પણ તેને ધાવનાર કોઈ ન મળે! બિચારો હોંકેરઆપ્પા અહીં રહ્યો કર્ણાટકના હંપી તરફનાં પોતાનાં ખેતરો નિહાળવા લાગ્યો. નિર્દોષ વાળંદ પોચાભાઈ ઘરના ઢોરની વાત કરવા લાગ્યો. અર્જુન અને રવજીની ભીલોની વૃદ્ધ જોડી બાળકની પેઠે નાચ કરવા લાગી; નાચ સાથે ગાયન પણ હતું.

લીમડાની લીંબોળીઓ હવે બરાબર પાકી અને ટપ ટપ નીચે પડવા લાગી. કેદીઓને આ ખાવાની છૂટ હતી. માંદા પડી ઇસ્પિતાલમાં

---

આર્દ્ર = ભીનું નીતરતું. સફળ = ફળવંતુ.

કાંજી પીવાની શક્તિ અગર યુક્તિ જેમનામાં ન હોય તેવાઓને આખા વરસમાં ફક્ત આટલો જ ગળ્યો મેવો મળે, એટલે તેઓ ધરાઈને આ લીંબોળીઓ ખાય.

ખિસકોલીઓનું કરુણ રડવું હવે બંધ થઈ ગયું. તેઓ મૂંગે મોઢે ઝાડ ઉપર અને નીચે આંગણામાં શરતો રમવા લાગી. અત્યાર સુધી ખિસકોલીઓએ અમારી સાથે દોસ્તી બાંધી હતી. અમારી પાસે આવે અને મોઢું હલાવી હલાવીને રોટલાના કકડા માગે. અમને મળતા જુવારના રોટલા સામે કેદીઓની ફરિયાદ તો રહેતી જ; પરંતુ કાગડા, સમળી ને ખિસકોલીઓ સુધ્ધાં જુવારના રોટલાને દિવસે રોટલાના કકડા લેવા માટે બહુ આતુર રહેતાં નહિ. કેટલાક કેદીઓ કહેતા: "આ તે કાંઈ જુવાર છે! કે પેટમાં નાખી શકાય એવી માટી!" મેં જોયું છે કે ઘણી વાર કેદીઓ જુવાર કરતાં બોરી પણ બાજરી જ પસંદ કરતા. ઘઉંની રોટલી હોય તે દિવસે ખિસકોલી અમારી સામે બેસી અમારા હાથમાંથી કકડો લઈ જાય ને ઓરડીની અંદર આવીને ખાય.

એક દિવસ બે ખિસકોલીઓની શરત ચાલતી હતી. તેમાંની એક પાછળથી દોડતી આવી મારા ખભા ઉપર ચડી બેઠી. અમે તેમને સવારે ગરમાગરમ કાંજી આપતા. જે દિવસે સવારે કાંજી મોડી આવી હોય તે દિવસે અધીરા બાળકની પેઠે આ ખિસકોલીઓ અમને પજવતી પણ ખરી.

વરસાદ આવ્યો ને અમારું બહાર સૂવાનું બંધ થયું. અમે પાછા સાંજે કોટડીમાં પુરાતા થયા. એ જ અરસામાં મારી ઓરડીમાં મંકોડાનો રાફડો ફાટ્યો. હવે કેમ સુવાય? ‘ભાષણવાળાઓ’ની ઓરડીઓ છેક છેડા પરની એટલે વાછટથી વધારે પલળવાની, અને તેમાં મંકોડા પણ જરૂર થવાના. દહાડે ઓટલા ઉપર સૂતા હોઈએ ત્યાં પણ મંકોડા આવે; રાત્રે ઓરડીમાં પણ આવે. અને આવે ત્યારે દસપાંચ સોપચાસ ન આવે, પણ આખી ઓરડી છવાઈ જાય એવડી કાળી ફોજ ત્યાં ખડી થાય! બીજે જ દિવસે એક ‘ભાષણવાળા’એ અહિંસક હોવા છતાં ફિનાઇલ મગાવી દરેક દર પર અભિષેક શરૂ કર્યા. આવા જર્મન ઇલાજ સામે મંકો-

અભિષેક=પાણીની ધારા કરવી તે.

ડાની ફોજ ટકી ન શકી. અધૂરામાં પૂરું મંકો-
ડાઓનો એક બીજો નવો શત્રુ જાગ્યો. મંકો-
ડાઓ ઓટલા પર ફરવા માંડે એટલે અમારી
જૂની ઓળખાણવાળી કાબરો મંજુલ શબ્દ
કરતી આવી પહોંચતી, પાંખોના પડમાં
છુપાવેલો ધોળો રંગ દેખાડતી અને છોકરાઓ
કિસમિસ ખાય એમ મંકોડાઓ ખાઈ જતી!

ઇંદ્રગોપ એ નામ બહુ ઓછા લોકોએ
જ સાંભળ્યું હશે; પરંતુ ઇંદ્રગોપ જોયો ન
હોય એવો માણસ ભાગ્યે જ મળે. ચોમાસાની
શરૂઆતમાં દાડમના દાણા જેવાં લાલ અને
મખમલ જેવાં સુંવાળાં નાનાં જીવડાં જમીન-
માંથી બહાર આવે છે અને ફર્યાં કરે છે.
આઠદસ દિવસ સુધી જ તેઓ દેખા દે છે, અને
વરસમાં આઠદસ દિવસની જિંદગી ભોગવી
અલોપ થઈ જાય છે. આ આઠ દિવસની અંદર
આ પ્રાણીઓ પોતાનું બાળપણ, જુવાની,
અને ઘડપણ ભોગવી લે છે, અને ભૂમિમાતાને
પોતાનાં ઈંડાં ભરોસાથી સોંપી દઈ દુનિયા-
માંથી વિદાય લે છે.

વહાણું વાય એટલે પક્ષીઓ વહેલાં ઊઠી

કિલકિલ કિલકિલ અવાજ કરવા માંડે. સાંજે પાછાં આવે ત્યારે પણ જંપે તે પહેલાં તેવો જ અવાજ કરે.

એક દિવસ ખૂબ વરસાદ પડ્યો. બધે પાણી પાણી થઈ રહ્યું. વાવો અને નીકો એટલી બધી ભરાઈ ગઈ કે તે ક્યાં છે તેની જ ખબર ન પડે ને એ પાણી પર જ્યારે વરસાદ પડે ત્યારે પાણી ઊછળીને જાણે વરસાદનું સ્વાગત કરતું હોય એવું દેખાય છે. નાનપણમાં અમે એને ચવલીપાવલીનો વરસાદ કહેતા. આકાશમાંથી ચાંદીની ચળકતી બેઆની ચારઆનીઓ જમીન ઉપર પડીને ઊછળતી તથા ચમકતી હોય તેવો આ દેખાવ હોય છે. અને તે ઉપરથી જ અમને એ નામ સૂઝેલું.

: ૭ :

મને ખુલ્લી હવામાં સૂવાની હવે મજા મળી. મારી સાથે શામળભાઈ આવ્યા. તેમને પણ મારી સાથે જ ખુલ્લામાં રાખ્યા કેમકે તેમની મદદ વગર મારું ચાલે તેમ ન હતું. સાતખોલીમાં પહેલી વાત એ થઈ, કે દિવસ-

રાત જેલનો મોટો ઘંટ બરાબર સંભળાતો એટલે વખતનો કંઈક ખ્યાલ આવતો. સહેજ કંટાળો આવે એટલે ઘંટ વાગવાની રાહ જોઈએ. બીજો ફરક તે રેલ્વે ગાડીનો અવાજ. પહેલી વાર હું સાતખોલીમાં રહ્યો હતો ત્યારે રેલ્વેની સિસોટી તરફ ધ્યાન ગયું ન હતું, પણ છ મહિનાના નિવાસથી રેલ્વેની સિસોટી પણ આકર્ષક થઇ પડી.

જેલ બહાર જેલના પોલીસોએ હમણાં હમણાં જ મહાદેવનું એક દહેરું બાંધ્યું છે. જેલમાંથી તેનું ચળકતું શિખર સહેજસાજ દેખાય છે. આ મંદિરમાં રાતની વેળા ઘણી વાર ભજન ચાલતું.

એક દિવસ કેટલાક છોકરાઓ કે છોકરીઓ મંદિરમાં બારેક વાગ્યા સુધી ગાતાં હતાં. અવાજ કૂમળો છતાં તીણો હતો એટલે જ્યારે પવનની લહેર અમારી દિશામાં આવતી અને એકાદ મધુર આલાપ સંભળાતો, ત્યારે ગંધર્વ ગાયન સંભળાતું હોય એવો આનંદ થતો.

ઘણી વાર રસ્તા પરથી જતી ને બરાડા પાડતી મોટરગાડીઓ સંભળાતી, સાઇકલની

કિંકિણી કાને પડતી અને બહારની દુનિયા નાહક કેટલી દોડે છે એનો ખ્યાલ આવતો.

પાછલા આંગણાની દીવાલ પર દયાપાત્ર હોલાંઓનું જોડું ઘણી વાર આવીને બેસતું. કહે છે કે તમામ પ્રાણીઓમાં હોલું અત્યંત નિષ્પાપ અને ભોળું જનાવર છે. આખો દિવસ 'પ્રભુ–તું' 'પ્રભુ–તું' એમ એ રટ્યા કરે છે. મહારાષ્ટ્રમાં હોલાને 'કવડા' કહે છે. અહીંનાં અને ત્યાંનાં હોલાંઓમાં નામભેદ છે એટલું જ નહિ પણ શબ્દફેર પણ છે. મહારાષ્ટ્રનાં હોલાં 'પ્રભુ–તું' એમ બોલતાં નથી. અવાજ લગભગ 'કુટુર્ર' 'કુટુર્ર' 'કુટુર્ર' 'કુટુર્ર' એવો થાય છે. આ ઉપરથી ત્યાંના ગામડાના લોકોએ એક લોકવાર્તા ઉપજાવી કાઢી છે. કવડો પહેલાં માણસ હતો. તેના ઘરમાં એક તેની સ્ત્રી તેમ જ સીતા કરીને એક તેની બહેન હતી. એક દિવસે તેણે બહેનને અને સ્ત્રીને શેર શેર ડાંગર આપીને કહ્યું: "મને આના પૌંઆ બનાવી આપો." સ્ત્રીએ ડાંગર ખાંડી એમ ને એમ પતિ આગળ ધરી દીધી.

કિંકિણી=નાની ટોકરી. નિષ્પાપ=કશું ન હોય તેવું.

હેતાળ બહેને ડાંગર ખાંડી સોઈઝાટકી કુશકા જુદા કરી ચોખા બરાબર વીણી ભાઈ માટે પૈંઆ તૈયાર કર્યા. ભાઈએ જોઈ લીધું કે સ્ત્રીના પૈંઆ શેરેશેર છે અને બહેનના તો બહુ જ ઓછા છે. તેણે મન સાથે નક્કી કર્યું કે બહેન પાકી સ્વાર્થી ને પટુડી છે. ભાઈ ક્રોધે ભરાયો અને શેરિયો ઉપાડી બહેનના કપાળમાં માર્યો. બહેન બિચારી ત્યાં ને ત્યાં જ તરફડીને મરી ગઈ! થોડી વારે સ્ત્રીએ તૈયાર કરેલા પૈંઆ ખાવા ભાઈ બેઠો. સ્ત્રીએ તૈયાર કરેલા પૈંઆ મોઢામાં તો નાખ્યા પણ કુશકાસોતા પૈંઆ ખાધા કેમ જાય? થૂ થૂ કરીને બધા કાઢી નાખ્યા. પછી પેલા બહેનના પૈંઆ ખાવા બેઠો. અહા, શી એની મીઠાશ! દુનિયામાં બહેનના હેતની તોલે આવે એવી કઈ વસ્તુ છે? ભાઈએ એક જ કોળિયો ખાધો અને પશ્ચાત્તાપથી બહેનના શબ પાસે પડી તેણે પણ પ્રાણ છોડ્યા. ત્યારથી એને હોલાનો જન્મ મળ્યો છે ને હજી તેની પશ્ચાત્તાપવાણી ચાલ્યા જ કરે છે. "ઊડ સિતે, કવડા પોર પોર। પોહે ગોડ ગોડ॥". એટલે કે 'સીતા!

ક્ષમા કર ને ઊભી થા. કવડાએ તો છોકરવાદી કરી. તારા જ પૌંઆ મીઠા હતા, મીઠા હતા !"

કેટલું કરુણ કાવ્ય! સાંજે પ્રાર્થના પછી શામળભાઈએ હોલાનું જ ગીત ગાયું. મેં તેમને ઉપલી વાત કહી અને હોલાની જ વાત કરતા અમે સૂઈ ગયા. નઝીરના પેલા કાવ્યનું અનેક વાર સ્મરણ થયું, પણ આખું યાદ ન હતું.

"સાંજ સબેરે ચિડિયાં મિલ કર
ચૂં ચૂં ચૂં ચૂં કરતી હૈ;
ચૂં ચૂં ચૂં ચૂં ચૂં ચૂં ક્યા સબ
બેચૂં બેચૂં કરતી હૈ."

સાતખોલીની પડખે જ નવું કારખાનું હતું. ત્યાં પણ લીમડાનાં ને બીજાં ઝાડ બહુ મોટાં મોટાં હતાં. તેના પર સવારસાંજ પક્ષીઓની જમાત આવીને બેસતી અને વખત થયે વગર આળસે નમાજ પઢતી. છોટાચક્કર કરતાં અહીં પક્ષીઓ વધારે હતાં અને મને લાગે છે અહીંનાં પક્ષીઓ સવારે કંઈક વહેલાં પણ ઊઠતાં. આખો દહાડો ખિસકોલીઓ, કાગડા, સમડી, હોલાં કાબરો વગેરે અનેક જાતનાં પક્ષીઓ ભેગાં થતાં અને કોલાહલ

મચાવતાં. એક દિવસ એક કાગડાએ નાનકડા કોશિયાનો કંઈક ગુનો કર્યો હશે. કોસિયો એવો ચિડાયો કે કેમે કર્યો કાગડની પૂંઠ છોડે જ નહિ. કાગડો એક ઝાડથી બીજે ઝાડ કરતો કરતો ઘણી જગ્યાએ ઊડ્યો, પણ કોશિયે તો જાપાની સિપાઈની જેમ તેનો કેડો મૂક્યો જ નહિ. પેલા કાગડાની મદદમાં બીજો કાગડો ન આવ્યો હોત તો તેના શા હાલ થાત તે કહેવું મુશ્કેલ છે.

કાગડાની અને સમડીની લડાઈ તો જગ-જૂની છે. સમડી મોગલ ફોજની પેઠે ધીમે ધીમે ચાલે: ઝટ દિશા ફેરવતાં તેને આવડે જ નહિ. જ્યારે કાગડો તો મરાઠા બારગીરોની પેઠે મરજીમાં આવે તેમ દોડી શકે અને ગમે તે સ્થિતિમાં પોતાનો બચાવ કરી શકે. પણ કાગડો કોઈ કાળે એકલો સમડી પર હુમલો કરે જ નહિ. બે કાગડાઓ હોય ત્યારે જ તેઓ એક બાજુથી એક ને બીજી બાજુથી બીજો એમ સમડીની પૂંઠ પકડે છે. સમડી એકને મારવા જાય એટલે બીજો તરાપ મારી સમડીને ચાંચ

બારગીર=ઘોડેસ્વાર સિપાઈ.

મારે. આમાંથી બચવાનો એક જ ઉપાય સમડી પાસે હોય છે; તે ગોળગોળ ફરતી આકાશ-માં ઊંચે ઊંચે ચડે છે. અને પછી કાગડા ત્યાં જવાની હિંમત કરતા નથી.

વાત એમ બની કે એક વખતે સ્ટેશન તરફ માંસના લોચા અથવા કોઈ સડેલું જાન-વર પડ્યું હશે, એટલે વીશ-પચીશ સમડીઓ અને સો-બસો કાગડા ત્યાં ભેગા થયા, અને જોતંજોતામાં એક મહાયુદ્ધ જેવું આકાશમાં જામ્યું. ચાંચ અને નોર ઉપરાંત કાગડાઓ પાસે એક વધારાનું શસ્ત્ર હતું. સમડી પાસે તે નહિ હોવાથી સમડીનો પક્ષ ન્યૂન દેખાતો. એ શસ્ત્ર તે મહાન કોલાહલ. સમડીઓ મૂંગે મોઢે ફર ફર કર્યા કરે; આમ જુએ ને તેમ જુએ, નીચે જુએ ને ઊંચે જુએ: પણ કાગડા તો બધા એક સામટા મળીને કાવ્ કાવ્ કાવ્ કરી મૂકે અને પોતાના બૂમરાણ આગળ બીજું કશું કાને પડવા જ દે નહિ! આ મહાયુદ્ધમાં અમે જોયું કે સમડીઓમાં પણ સંપ હોય છે; અને તેમની ધીરજ સહેજે ખૂટી જાય એવી

શસ્ત્ર=હથિયાર. ન્યૂન=ઊણું.

નથી હોતી. એક સમડીને ઝાઝા કાગડા પજવે એટલે ચારપાંચ સમડીઓ તાબડતોબ તેની વહારે ધાય અને પછી એકે કાગડો ત્યાં ટકી ન શકે. યુદ્ધ ચાલતું હોય ત્યારે સમડીઓ રીતસર ને ગોળગોળ ફર્યા કરે તેથી તે ખૂબ જ શોભે. અમારી ખાતરી થઈ ગઈ કે ગમે તેનો પક્ષ સાચો હોય છતાં યુદ્ધમાં સમડીઓ આર્યો પેઠે લડે છે, અને કાગડાઓ છેક અનાર્ય છે. ગમે તેમ ફરે, ગમે ત્યારે પાછી પાની કરે; તેમને ચડતાં પણ વાર નહિ, ને ઊતરતાં પણ વાર નહિ. લગભગ બે કલાક સુધી એમનું આ આકાશયુદ્ધ ચાલ્યું. અમને થયું કે દિવસનો અંત વહેલો આવશે કે આ યુદ્ધનો? જોકે આવી ચિંતાનું કારણ ન હતું. આ યુદ્ધમાં કોઈ અર્જુન અને જયદ્રથ થોડા જ હતા? આખરે સમડીઓએ છેલ્લી નીતિ આદરી. ગોળગોળ ફરતાં તેમણે પોતાની 'ઉન્નતિ' એટલી તો સાધી કે ક્ષુદ્ર કાગડાઓ ત્યાં સુધી પહોંચી ન શકે. કાગડાઓએ રણગીતનો સૂર ફેરવી વિજયગીત શરૂ કર્યું: "અમે જીત્યા, અમે

ઉન્નતિ=ઊંચે ચડવું તે. ક્ષુદ્ર=હલકા; નજીવા.

જીત્યા !" જોકે સમડીના મનમાં ખાતરી હતી કે નૈતિક વિજય તો પોતાનો જ થયો હતો.

હું માનતો કે કોયલ પોતાનાં ઈંડાં કાગડી પાસે સેવાવે છે, એ કેવળ કવિકલ્પના હશે. પણ જેલમાં જોયું કે કાગડી સાચે જ કોયલનાં બચ્ચાંને ઉછેરે છે. જ્યાં ત્યાંથી ખાવાનું લઈ આવી બચ્ચાંને ખવડાવે ને તેમને લાડ લડાવે. પણ થોડા દિવસમાં કાગડાને થયું કે બચ્ચાંને ખવડાવીએ એટલે બસ નથી; આપણી સુધરેલી કેળવણી પણ તેમને આપવી જોઈએ, એટલે ખાસ વખત કાઢી માળા પર બેસી કાગડો બોલ શીખવે : "કા....કા....કા...." પણ કોયલનું પેલું કૃતઘ્ન બચ્ચું જવાબ આપે : "કૂઊ.... કૂઊ....કૂઊ...." કાગડો ચિડાઈને ચાંચ મારે ને ફરી શીખવવાનું શરૂ કરે : "કા....કા....કા...." પણ આમ કોયલ કાંઈ પોતાની મીઠી વાણી છોડે? એણે પોતાનું "કૂઊ....કૂઊ....કૂઊ...." જ ઘૂંટવા માંડ્યું. કાગડાની ધીરજ ખૂટી ત્યાં સુધીમાં કોયલનું બચ્ચું પગભર થયું હતું— અથવા સાચું કહીએ તો પાંખભર થયું હતું. કાગડાની બધી મહેનત છૂટી પડી. શામળભાઈ

કહે: "આ કોયલનાં બચ્ચાં જેટલી પણ અક્કલ આપણા અંગ્રેજી ભણેલાઓમાં હોત તો તેઓ ઘરમાં અંગ્રેજી ન બોલત!"

હું માંદો હતો તે દરમિયાન મને દૂધ મળતું. અને જ્યાં દૂધ હોય ત્યાં બિલાડી તો હોય જ એ જૂનો સિદ્ધાંત, એટલે હીરાએ મારી સાથે ભાઈબંધી કરી. ગમે ત્યાંથી આવે, પગ સાથે નાક ઘસે ને પૂંછડી ઊંચી કરીને 'મ્યાંઉં' એવો અવાજ કરે. નાનપણમાં વૈશ્વદેવ કરીને પછી જ જમવા બેસવાનો અમારો રિવાજ. એટલે બિલાડીને દૂધ પાયા વગર જાતે દૂધ પીવાનું મન થતું જ નહિ. પણ બિલાડી માટે વાસણ ક્યાંથી લાવવું? સદ્ભાગ્યે અમારા ઓટલાની કોર પરના એક પોરબંદરી પથરામાં નાનકડી નાવડી જેવો એક ખાડો હતો, તેમાં રોજ એને હું દૂધ પાતો. કોઈક દિવસ હું વાંચવામાં ગુલતાન હોઉં અને બિલાડીને વેળાસર દૂધ ન મળે એટલે ધીમે ધીમે એક એક પગલું ભરી બિલાડી સ્લેટથી ઢાંકેલા મારા લોટા તરફ જાય, દૂરથી લોટો સૂંઘે અને પોતે ભારે ગુનો કર્યો હોય એવું એકાએક ભાન

થયું હોય તેમ ઝટપટ પાછે પગલે પાછી હઠી જાય. બેસીને પાછી 'મ્યાંઉ' બોલી મારા તરફ સહેજ જુએ ને ધીરજ કેળવે. પણ પાછું રહે-વાય નહિ એટલે ફરી આગળ જાય, દૂધ સૂંઘે ને અકળાઈને ફરી પાછી હઠે. આ રીતે એણે મારા પર સારી છાપ પાડી. હું એને નિયમ-સર દૂધ પાતો. કોઈક વાર એને રોજ કરતાં બમણું દૂધ આપતો. પણ આખરે બિલાડી તે બિલાડી. એક દિવસ ક્યાંકથી એક દોસ્તદારને લઈ આવી. હીરાને તો અમારી બીક હતી જ નહિ એટલે તે સીધી આવીને મારી પથારી પાસે બેઠી, અને એનો દોસ્તદાર અમારી નજર ચૂકવીને આગળ ધસ્યો અને લોટો ઉથલાવી નાખ્યો. પરંતુ એની ઉજાણી શરૂ થાય તે પહેલાં જ શામળભાઈનું ધ્યાન તે તરફ ગયું ને તેમણે તેને હાંકી કાઢ્યો. હીરાની મુદ્રા પણ ચોર જેવી થઈ ગઈ હતી. તે પણ વગર હાંક્યે ત્યાંથી પોબારા ગણી ગઈ! બેત્રણ દિવસ સુધી લાગલાગટ આ બંનેએ ઉત્પાત મચાવ્યો. હીરા પહેલાં તો ભીંતના નીચલા કાણામાંથી

મુદ્રા = મોઢું; ચહેરો. પોબારા ગણવા = નાસી જવું.

એકલી આવતી અને અંદર કોઈ નથી એમ જોઈ બહાર જઈ દોસ્તદારને લઈ આવતી. પોતે ચોરીમાં ભાગ ન લે પણ દોસ્તદારની ચોરી તેને ગમતી ખરી. હીરાના ગુનાની ખાતરી થયા પછી બે દિવસ મેં એનું દૂધ બંધ કર્યું; દૂધ ઉપર સખત પહેરો રાખ્યો. એટલે હીરા સમજી ગઈ. તેણે પેલા દોસ્તદારની દોસ્તી છોડી અને અડધો અડધો કલાક અમારી પાસે બેસી પસ્તાવો જાહેર કરવા લાગી. એનું દૂધ ફરી શરૂ થયું, ને છેક હું બહાર આવ્યો ત્યાં સુધી ચાલું રહ્યું. કોઇક દિવસ–તેમાં ય ખાસ કરીને જેલમાં મટન( માંસ )નો દિવસ હોય ત્યારે સરસ ઉજાણી મળવાથી હીરા દૂધને માટે આવતી જ નહિ. પણ હું એનો ભાગ બીજા દહાડા સુધી સાચવી રાખતો. એક દહાડો શામળભાઈ પોતાના કાગડાઓને રોટલીના કકડા ખવરાવતા હતા ત્યાં હીરા ક્યાંઇકથી ચડી આવી. કાગડાઓને આ અણધાર્યા મહેમાનનું આવવું ગમ્યું નહિ. તેઓ બધા જમીન ઉપર હારબંધ બેઠા; અને હાર પણ દીવાલનો છાંયો જ્યાં પૂરો થઈને તડકો શરૂ થતો હતો ત્યાં

છાંયાના છેડા ઉપર જ બનાવી. તેમણે વિવિધ અવાજે પણ એક-મને 'કા કા'ની વાણી શરૂ કરી. બિલાડીએ પહેલાં તો આ કાગારોળ તરફ આંખ આડા કાન કર્યા, પણ થોડા જ વખતમાં તે અકળાઈને દોટ મૂકી દીવાલના કાણામાં થઈ આંગણા બહાર ચાલી ગઈ. કાગડા ટાઢા પડયાં ને પછી સુખેથી તડકામાં બેસી રોટલીના ટુકડા આરોગવા લાગ્યા.

:૮:

ફરી પાછી પાનખર ઋતુ આવી ઉડાઉ માણસના વૈભવની પેઠે ઝાડનાં પાંદડાં ઝપાટાબંધ ખરી પડવા લાગ્યાં. કેદીઓ આંગણું વાળી વાળીને થાકી જતા. સવારે સુપરિન્ટેન્ડેન્ટ આવે તે વખતે એક પણ પાંદડું જમીન ઉપર ન જોઈએ. ઝાડ જેલનાં ખરાં, પણ એ કાંઈ સુપરિન્ટેન્ડેન્ટનો હુકમ માને? આખો દિવસ પાંદડા વરસાવ્યા જ કરે, અને પવન તે બધાં પાંદડાં આંગણામાં સરખી રીતે વેરી દે. બિચારા કેદીઓને આંગણું ફરી ફરી વાળવું પડતું.

એક દિવસ એક પીળું પતંગિયું અમારા

આંગણામાં આવ્યું. સાધારણ રીતે પીળાં પતંગિયાં મને બહુ ગમે છે એમ નથી, પણ જેલમાં તો એવાં પતંગિયાંનાં દર્શન પણ દોહ્યલાં. અને પતંગિયું પણ આખો દિવસ હવામાં તરતું હતું. અમારા આંગણામાં મેં વાવેલા કેટલાએક ગલગોટાના છોડ ઉપરાંત એકે ફૂલઝાડ હતું નહિ, અને ગલગોટામાં પતંગિયાને કે ભમરાને આકર્ષક કશું ન મળે; છતાં પતંગિયું એક દિવસ મહેમાન કેમ રહ્યું એ સમજાયું નહિ. એની સરકારે કાંઈ એને રાજદ્રોહને માટે તો અહીં મોકલ્યું નહિ જ હોય!

પાનખર ઋતુ જામતી ગઈ તેમ પક્ષીઓ પણ મૂંગાં થયાં. સવારસાંજના કલ્લોલ બંધ થયા. બહુ જ સૂનુંસૂનું લાગતું. શહેરના રહેવાસીઓ તો કુદરતથી એટલા અળગા થયેલા હોય છે કે આજે કઈ ઋતુ ચાલે છે તેનું પણ તેમને ભાન નથી હોતું. આજના આપણા કેળવાયેલા મૂછ વગરના કે મૂછ ફૂટેલા છોકરાઓને પૂછો કે કયા મહિનામાં કયાં ફૂલો ઊગે છે. જાંબુ કયા મહિનામાં થાય છે, ઇંદ્રધનુષ્ય કયા

દોહ્યલું = આકરું.                                   આકર્ષક = ખેંચે તેવું.

કયા મહિનામાં દેખા દે છે, આકાશમાંથી કરા કયા કયા મહિનામાં પડે છે? શહેરના છોકરાને એટલી જ ખબર હોય છે કે આઈસક્રીમની ઋતુ પછી છત્રી ઓઢવાની ઋતુ આવે છે, અને ત્યાર પછી ગળે મફલર બાંધી ફરવાની ઋતુ આવે છે!

શિયાળો જામ્યો એટલે પક્ષીઓ ગુને-ગારની પેઠે ચુપ થઈ ગયાં. હિંમતથી આમતેમ ફરે ખરાં, પણ વસમા દહાડા આવ્યાનું ભાન હોય એમ તેમનાં છાતી અને માથાં પરથી જણાતું હતું.

શામળભાઈ પાસેથી રોટલાના કકડા ખાઈ ખાઈને કાગડાઓ સારી પેઠે માત્યા હતા. મને થયું, ચાલો કાગડાઓને જરા કસરત કરાવું. હું રોટલાના કકડા આકાશમાં ખૂબ ઊંચે ઉછાળું—એમ ધારીને કે કાગડા ઊડીને આકા-શમાં ને આકાશમાં કકડા અધ્ધરથી ઝીલી લેશે. પણ એ બાઘાઓ માથું ઊંચું કરીને કકડો ક્યાં ઊડે છે ને ક્યાં પડે છે તે ઠંડે પેટે જોઈ લેતા, અને કકડો નીચે પડે એટલે એને માટે પડા-

વસમા = કઠણ; મુશ્કેલીભર્યા. બાઘાઓ=મૂઢ; મૂર્ખા.

પડી કરતા. મેં શામળભાઈને કહ્યું: "તમારા ગુજરાતના કાગડા સાવ નાલાયક છે. અમારે ત્યાં નાનપણમાં હું ચેવડામાંથી કાજુ વીણી વીણીને આકાશમાં ઉડાડતો ત્યારે કાગડાઓ એકાએક અધ્ધર જ ઝીલી લેતા. પણ આ મૂરખાઓ તો ડોળા ફાડીને જોઈ જ રહે છે!" શામળભાઈમાં ગુજરાતી તરીકેનું અભિમાન ક્યાં ઓછું હતું? તેમણે કહ્યું: "અમારે ત્યાંના કાગડા ઓછા જ ભૂખડીબારશ હોય છે?"

પણ આ કાગડાઓને જે હું શીખવી ન શક્યો તે એક સમડીએ શીખવ્યું. પાંચ-પચાસ કાગડા વચ્ચે રોટલાના કકડાના ફુવારા ઊડતા જોઈ એક સમડીએ લાગ શોધ્યો અને ઝડપ દઈને આવીને એક મોટો કકડો ઉપાડી ગઈ. પોતાના જૂના વેરીની જીત જોઈને કાગડાઓ ખૂબ ચિડાયા. તેમનાથી આ અપમાન સહ્યું જાય તેમ ન હતું. તેમણે એ નવીન કળા હસ્તગત કરવાની બલકે ચંચુગત કરવાની પ્રતિજ્ઞા લીધી ને કાગડા સમડીની સામે ફાવ્યા. કાગડા રોટલાના કકડા ઝીલતાં શીખ્યા એટલું

હસ્તગત કરવું=સાધી લેવું. ચંચુ=ચાંચ.

જ નહિ પણ સમડી સામે ચોકી પણ કરતાં શીખ્યા. કાગડાઓ તરફનું મારું ધ્યાન જોઈ શામળભાઈના મનમાં અદેખાઈ ઊપજી. પણ એમને કંઈ ઇલાજ સૂઝ્યો નહિ એટલે મને કહ્યું : "આજથી કાગડા તમારા ને ખીસકોલી મારી." મેં કહ્યું : "મારી ના નથી." પણ ખિસકોલીને હેળવવાની કળા એમની પાસે ક્યાં હતી? એમની કળા તો કાગડા સુધી જ પહોંચે તેવી હતી.

પણ સત્ય સંકલ્પનું ફળ દેનારો ભગવાન બેઠો જ છે. એક દિવસ એક કેદીની ટોપીમાં ખિસકોલીનું એક નાનકડું બચ્ચું શામળભાઈ મારી પાસે લાવ્યા અને કહેવા લાગ્યા : "એક કાગડો આને લઈ જતો હતો; અમે બે જણાએ ચાલાકી કરીને આને બચાવ્યું છે. હવે એનું શું કરીએ?" મને કૉલેજના ગત દિવસો યાદ આવ્યા. એક ચીંથરાની દિવેટ બનાવી દૂધમાં બોળી એ બચ્ચાને ચૂસવા આપી. પણ ગભરાયેલું બચ્ચું કેમે કરી દૂધ ચૂસે જ નહિ. રોટલો

સત્ય સંકલ્પ=સાચો-રૂડો નિશ્ચય.

આપ્યો, ખીચડી આપી, ભાત આપ્યા; પણ પેલું બચ્ચું એમાંથી કશાને અડે જ નહિ. આખરે મારા નહાવાના ડબામાં મેં એક લૂગડું પાથરી તેમાં એને બેસારી દીધું, અને અમે સૂઈ ગયા. બીજે દિવસે તો એણે ચીસો પાડી-પાડીને આખું વાતાવરણ દયાજનક કરી મૂક્યું. શામળભાઈ બિચારા બહુ જ મૂંઝાઈ ગયા. બચ્ચાનું શું કરવું એ કોઈને સૂઝે નહિ. દરેક જણ આવીને એ બચ્ચાને હાથમાં લે. બિચારું બચ્ચું જીવ બચાવવા ખાતર હાથમાંથી કૂદી પડે, થાકી જાય, પેશાબ કરે ને દોડાદોડી કરે. એક વખત તે ઠાકોર સાહેબના ઓરડામાં બળતણ પડ્યું હતું તેમાં જઈને ભરાઈ બેઠું; મુશ્કેલીથી અમે એને બહાર કાઢ્યું. કાગડો અને બિલાડી એ બંનેના મોંમાંથી એનું રક્ષણ કરવું તે સહેલી વાત નહોતી. બીજો દિવસ પણ પૂરો થવા આવ્યો. બે દિવસ થયાં બિચારાને કડાકા હતા. કાગડા-બિલાડીના મોંમાંથી એને કેમ બચાવાય એ અમને મોટી ચિંતા થઈ પડી હતી. અંતે બપોરના ચાર વાગે મેં જોયું કે એક ખિસકોલી ઝાડે ઝાડે અને ઓરડીએ

ઓરડીએ વ્યાકુળ થઈને ફરે છે, એ જ આ બચ્ચાની મા હોવી જોઈએ. જે ઓરડીમાં મેં આ ડબો રાખ્યો હતો તે ઓરડા તરફ તે જાય એટલા માટે મેં એને એકબે ઠેકાણેથી હાંકી. કઈ ભાષામાં હું એને સમજાવું કે તારું બચ્ચું મારી ઓરડીમાં છે ને એની સલામતી ખાતર જ એને મેં અંદર રાખ્યું છે? બિચારી માને થયું હશે કે હું દુખિયારી બચ્ચાની શોધમાં રખડું છું ત્યાં આ જમદૂત મારે કેડે પડ્યો છે, ને જંપવા પણ નથી દેતો! આખરે ઠાકોર સાહેબ, શામળભાઈ, એકબે પોલીસો, ઠાકોર સાહેબનો કેદી રસોયો અને હું, સૌએ મળી એક કાઉન્સિલ બેસાડી અને હામ ભીડીને એક યોજના ઘડી કાઢી. ક્રિકેટની રમતમાં જેમ ઠેકઠેકાણે ક્ષેત્રપાલો ઊભા રહે છે તેમ બધા દૂર દૂર ઊભા રહ્યા. મેં બચ્ચાવાળો ડબો ઓરડીમાંથી બહાર આણ્યો અને જે ઝાડ ઉપર પેલી મા ખિસકોલી ફરતી હતી તેની નીચે આડો મૂકી દીધો. બેત્રણ કાગડાઓએ આ જોયું; પછી કંઈ એ મહાશયો ત્યાંથી ખસે?

વ્યાકુળ=ગભરાયેલું. કાઉન્સિલ=સભા.

લોભી આંખે તેઓ એકીટસે જોવા લાગ્યા. પણ અમારા છેત્રપાલો પૂરેપૂરા સાવધાન હતા. બચ્ચું ડબ્બામાંથી બહાર નીકળ્યું અને એણે કિલ-કિલ કિલકિલ કરી કારમી ચીસ પાડી. મારું ધ્યાન મા ખિસકોલી તરફ હતું. તે વખતની એની મુદ્રા જોવા જેવી હતી. એનો જીવ કાન અને આંખમાં આવી રહ્યો. ઝાડ ઉપરથી ખિસ-કોલીની દોટથી દોડતી તે નીચે આવી; સ્ટેશન નજીક આવતાં રેલગાડી જેમ સિસોટી વગાડે તેમ અવાજ કરતી તે આવી. બચ્ચું મા તરફ દોડ્યું. બંનેનો ભેટો થયો. તરત જ માને બીક ન લાગે એટલે દૂર, પણ કાગડો ફાવી ન શકે એટલે નજીક ઊભા રહેવું જરૂરી હતું.

હવે એક ભારે જોવાનું મળ્યું. માને થતું હતું કે એક ઘડીનો પણ વિલંબ કર્યા વગર આ બચ્ચાને માળામાં લઈ જાઉં તો જગ જીતી. બચ્ચાને એનો ખ્યાલ ક્યાંથી આવે? એ તો બે દિવસનું ભૂખ્યું હતું; માને જોઈ કે તરત જ તેને ધાવવા દોડ્યું. મા એને મોંમાં પકડીને ઊંચકવા જાય અને બચ્ચુ તેમાંથી છટકી ધાવવા

ક્ષેત્રપાલો=ખેતર મેદાનનું રક્ષણ કરનારાઓ; ફિલ્ડર્સ.

જાય! મિનિટ દોઢ મિનિટ સુધી આ છોડ-વળગ ચાલી; આખરે બચ્ચાંનો વિજય થયો. માએ જોઈ લીધું કે બચ્ચું સમજે એમ નથી. એટલે જીવને જોખમે તે ત્યાં જ થોભી ગઈ; બચ્ચાને ધાવવા દીધું. ભૂખ્યા સિપાઈઓ રણ-આંગણે શિરને સાટે પણ જેમ ભોજન કરે છે એના જેવો આ બનાવ હતો. બચ્ચાની ભૂખ જરા ભાંગી એટલે માએ દૃઢતાથી બચ્ચાને એના પેટની ચામડી વતી ઝાલ્યું. બચ્ચાએ તરત જ પોતાના ચારે પગ અના પૂંછડી માને ગળે વીંટાળી દીધાં. માના ગળાની આસપાસ આ એના હૃદયનું ધન અમૂલ્ય હારની પેઠે વીંટળાઈ રહ્યું! તેને સાચવી માથું ઊંચું કરીને મા આંગણું વટાવી ઓટલા પર આવી. ઓટ-લાની કોર આગળ દીવાલનો ખૂણો બહાર આવ્યો હતો તેથી ધાર ઉપરથી ખિસકોલી ડગુમગુ કરતી ચડવા લાગી. શી એની સંભાળ! શી એની એકાગ્રતા! ઉપર લગભગ છજા સુધી પહોંચી ગઈ, ત્યાંથી કૂદકો મારીને જ પીઢિયા સુધી પહોંચાય એમ હતું. કૂદકો મારશે કે નહિ? કૂદકો મારવાની હિંમત કરી મા આખા શરીરનો

સંકોચ કરે, પણ કૂદકા પહેલાં જ હિંમત હારી જાય! નિરાશ થઈ નિસાસો મૂકે, ફરી બીજી રીતે પ્રયત્ન કરે. દસેક વાર તો જમણી બાજુથી ડાબી બાજુ ને ડાબી બાજુથી જમણી બાજુ ગઈ હશે. ઉપરથી પડી જાય તો બચ્ચું જીવતું ન રહે. જેટલા જેટલા ખાલી પ્રયત્નો થાય તેટલી તેટલી શક્તિ ઓછી થાય. બિચારીએ એક વાર હતાશ થઈ ચીસ પાડી. કયો ભક્ત આથી વધારે વ્યાકુળ પ્રાર્થના કરી શકે? અમે આટલા જણા આસપાસ ઊભા હતા પણ એની શી સેવા કરીએ? મને એક વિચાર સૂઝયો. દોડતો જઈને હું મારો ખેસ લઈ આવ્યો. બે છેડા મારા હાથમાં ને બે છેડા શામળભાઈના હાથમાં એમ કરી જમીનથી એકબે હાથ ઊંચે અમે ખેસ પહોળો કરી પકડી રાખ્યો. ઉદ્દેશ એ કે ખિસકોલી અગર તેનું બચ્ચું પડે તો છૂંદો ન થઈ જાય આખરે ઈશ્વરે ખિસકોલીની ધા સાંભળી. એના શરીરમાં અસાધારણ બળ આવ્યું. શ્વાસ રોકવા એણે વિશ્વાસપૂર્વક એક કૂદકો માર્યો ને એક પળમાં તે મુકામે પહોંચી ગઈ! બે છાપરાંની સાંધમાં મોભનાં નળિયાં

નીચે ખિસકોલીનો માળો હતો. તે દિવસે રાત્રે મા અને બચ્ચાએ કેવી મીઠી ઊંઘ લીધી હશે? સાચે જ માને થયું હશે કે જગ જીતી! ત્યાર પછી કેટલા ય દિવસ સુધી એ માને અને એ બચ્ચાંને અમે જોતા અને ઓળખતા.

હવે વિદાયનો દિવસ પાસે આવવા લાગ્યો. સો દિવસના પચાસ રહ્યા; પચાસના પચીશ થયા; પછી તો આઠ જ દિવસ રહ્યા. શામળભાઈની ધીરજ ખૂટી. તેમણે દિવસની ગણતરી છોડી દીધી અને કલાકો ગણવા લાગ્યા. હવે સવાસો કલાક રહ્યા; હવે પોણોસો રહ્યા. આંગણામાં ઊછરતા આંબાને ને જાંબુડાને છોડીને ચાલ્યા જવું પડશે તે મનમાં આવવા લાગ્યું. જાંબુડાને જીવાત લાગી હતી. મેં જતનપૂર્વક ખવાયેલાં પાંદડાં કાઢી નાખ્યાં હતાં; સહેજ-સાજ બગડેલાં પાંદડાં અને ઝાડનું થડ રોજ આયોડિનના પાણીથી હું ધોતો. આમ કરી-કરી જાંબુડાને મેં બચાવ્યો હતો. પછી એને નવાં પાંદડાં ફૂટ્યાં હતાં તને એવો તો સુંદર દેખાતો હતો કે જાણે વસંતની શોભા ખીલી! આંબો પણ આવી જ રીતે બચાવેલો હતો.

મારા ગયા પછી આ બંનેનું શું થશે એ ખ્યાલ મનમાં આવ્યા વગર કેમ રહે? ગલગોટાનું ઝાડ તો ક્યારનું સુકાઈ ગયું હતું. એની આશા છૂટી ગયા પછી એના ગોટા તોડીતોડીને હું છડીઓ બનાવતો. જેલના લૂખા વાતાવરણ-માં ગલગોટાની છડી પણ મજાની લાગતી.

આખરે ફેબ્રુઆરીની પહેલી તારીખ ઊગી. સવારે ચાર વાગે ઊઠી મેં નાહી લીધું. જેલના ભ્રષ્ટ ખોરાકની અસર ધોઈ નાખવા સારુ આગલે દિવસ મેં અપવાસ કર્યો હતો; નાહીને શરીર સ્વચ્છ કર્યું. મારો લગભગ બધો સામાન આગલે દિવસે મેં ઘેર મોકલી દીધો હતો એટલે તૈયાર કરવાપણું કાંઈ હતું જ નહિ. આંબાને તેમ જ જાંબુડાને છેલવેલું પાણી પાયું. હીરાને મળવાનું મન હતું પણ આટલી વહેલી તે ક્યાંથી આવેલી હોય? જેલની ચાર દીવાલોથી ઘેરાયેલા આકાશમાં તારાનું દર્શન કરી લીધું. એટલામાં ઠાકોર સાહેબ ઊઠ્યા. શામળભાઈ પણ નાહીને આવ્યા. અમે ત્રણે જણાએ જેલના નિયમ વિરુદ્ધ એકઠા બેસીને પ્રાર્થના કરી. શામળભાઈએ

'રામ ભજ તું પ્રાણિયા!
તારી કંચનની કાયા થશે,
તારા દેહનું સાર્થક થશે:
રામ ભજ તું પ્રાણિયા!'

વાળું પરભાતિયું ગાયું.

પરભાતિયું પૂરું થતાં પ્હો ફાટ્યો. પણ બહાર લઈ જવાને કોઈ આવ્યું નહિ. શામળભાઈએ કહ્યું: "હોજ આગળના તુલસીના છોડને તો તમે ભૂલી જ ગયા!" હું શરમાયો. દોડતો જઈને તુલસીને ખાસો એક ડબો પાણી પાયું. એટલામાં એક વૉર્ડર આવ્યો અને એણે મને દરવાજે ચાલવા કહ્યું. સુપરિન્ટેન્ડેન્ટ સાથે વિદાયના બે શબ્દો બોલી હું જેલ બહાર પડ્યો.

[સંપૂર્ણ]

---

વૉર્ડર=વિભાગનો જમાદાર.

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

(વિગતવાર સૂચિપત્ર મગાવો)

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

## શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાબ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... | સેટના ... | ૧૦-૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... | ,, ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... | ,, ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... | ,, ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | ,, ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | ,, ... | ૨૩-૫૦ |

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦ |
| રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... | સેટના ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... | ,, ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, ... | ૫-૫૦ |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૪-૫૦ |
| સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) ... ... | ,, | ૭૦-૦૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**



મુદ્રક શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ